ફોજદારી કેસ નંબર–

## <u>આંક–૧ લગત હુકમ</u>

(૧) હાલના કામે તપાસ એજન્સી દ્રારા આરોપી વિરુધ્ધ મોટર વ્હિકલ એકટની કલમ–૧૮૫ મુજબના ગુનાના કામે પ્રથમ બાતમી અહેવાલ નોંધી તપાસના અંતે આદરી અહેવાલ(ચાર્જશીટ) રજૂ કરેલ છે.

(૨) ઉકત હકીકતે નામ. કેરેલા હાઈકોર્ટેના MAHABOOB S/O. KOYA MOIDEEN VS THE STATE (CRL.MC.NO.702 OF 2011)નો તા. ૩૦.૦૩.૨૦૨૧ નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. સદર ચુકાદાના જરૂરી પેરા સરળતા ખાતર અત્રે નોંધેલ છે.

11.The above discussion leads me to the conclusion that cognizance taken by the learned Magistrate of offences punishable under secs.184 and 185 of the Code on a charge sheet submitted by the police officer after an investigation in violation of the said charge sheet cannot also be deemed to be a complaint as defined under sec.2(d) of the Code. cognizance taken being illegal is liable to be quashed.

(૩) આમ, નામ. કેરેલા હાઈકોર્ટ દ્રારા ઉકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ એમ.વી.એકટ–૧૮૫ એ હેઠળનો ગુનો પોલીસ અધિકાર બહારનો ગુનો હોઈ પોલીસે તપાસ સારુ ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૫(૨) મુજબની સંબંધિત જયુ.મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી લેવી જરૂરી બને છે. હાલના કામે રેકર્ડ જોતા સદર મંજૂરી મેળવેલ ના હોઈ હાલની પોલીસે કરેલી તપાસ અને તે પરથી કરેલ ચાર્જશીટ ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૫(૨) તથા નામ.કેરેલા હાઈકોર્ટના ઉકત ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા દુષિત બને છે.011

(૪) આમ, ઉકત હકીકતે આરોપી વિરુધ્ધ એમ.વી.એકટની કલમ–૧૮૫ ના ગુના સબબ ચાર્જશીટ રજૂ રાખેલ હોય, ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૫(૨) ની જોગવાઈઓ તેમજ નામ.કેરેલા હાઈકોર્ટના MAHABOOB VS THE STATEના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડ હેઠળની કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા હાલના કામે આગળ કાર્યવાહી ચલાવી શકાય તેમ જણાતું ના હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:હુકમ:–

(૧)હાલના આખરી અહેવાલ (ચાર્જશીટ)ના આધારે ઉત્પન્ન થયેલ ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૧૫૫(૨) ની જોગવાઈઓથી બાધિત હોય આગળની કાર્યવાહી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૮ મુજબ પડતી મૂકી આરોપીને છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ અદાલતની સ્પે. સિટિંગમાં હુકમ જાહેર કર્યો.

રાજકોટ.
તારીખ – ૧૨ /૦૩/ ૨૦૨૨

**(પી.એન.જૈન)**
**ઉજા અધિક સીવીલ જજ,**
**અને જે.એમ.એફ.સી.,**
**રાજકોટ**